# સર્વત્ર પ્રકાશ રહે

## ~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

ચાલો સજ્જનો, ફરીથી આપણે કોશિશ કરીશું
હા, કોશિશ
કોશિશના અનેકાનેક પર્યાયવાચી છે
તેના ઘણા સાંકેતિક અર્થ છે જેમ કે
યત્ન-પ્રયત્ન
શ્રમ-પરિશ્રમ
જતન-મહેનત
ઉદ્યોગ-પુરુષાર્થ
ઉદ્યમ-અધ્યવસાય
નિરીક્ષણ-પરીક્ષણ
ચેષ્ટા-યુક્તિ
જિજ્ઞાસા-ખોજ
પરંતુ અહીં હું કઈ કોશિશની વાત કરી રહી છું?

શ્રીરામનો પુરુષાર્થ
ધર્મનું ઉત્થાન
જન-માનસનું કલ્યાણ

શુભ દીપાવલી

નવા વર્ષના સંકલ્પને નિભાવતાં-નિભાવતાં
પોતાની હાર અને જીતને સંભાળતાં-સંભાળતાં
સમય કઈ ગુફામાં સમેટાઈ ગયો ખબર જ ન પડી
ક્યારે ખુશી ઉદાસી તરફ જતી રહી
ક્યારે આનંદે વેદનાનો પાલવ પકડી લીધો
ક્યારે સુખ પોતે દુ:ખમાં ખોવાઈ ગયું

ક્યારે નિરાંતનો શ્વાસ બેચેનીની બેડીમાં જકડાઈ ગયો
ક્યારે ઉલ્લાસની વૃત્તિ વિષાદની વૃત્તિ બની ગઈ
ક્યારે પ્રસન્ન ચિત્ત દ્વેષનું બીજ વાવવા લાગ્યું
ક્યારે આહ્લાદિત હૃદય ખિન્નતાથી જીવવા લાગ્યું
ક્યારે એક વિશ્વાસ રાખનારું મન
　　પોતાનાં સ્વપ્નોને જર્જર થતાં જોઈને
　　　　ફક્ત કોઈને કોઈ દુર્ઘટનાની પરિકલ્પના કરવા લાગ્યું

સમયની ગતિ
તેમાં ન થાય રતિ
સૌભાગ્યશાળી જીવન

શુભ દીપાવલી

આ વાતોને પારખતાં-પારખતાં
પોતાની પરિસ્થિતિ વિશે વિચારતાં-વિચારતાં
એક વર્ષ ફરીથી અનંતતામાં સમાઈ ગયું
અને ફરીથી આપણે અમાવસ્યાની રાતના આ તહેવારને
ઉત્કંઠાથી મનાવવા નીકળ્યાં છીએ
આપણે ઇચ્છીએ છીએ કે આ તહેવાર
એક સુખદ સમાચાર આપણી સામે ઉજાગર કરે
આપણે હર્ષથી ભરપૂર આત્મશક્તિને જોઈએ
　　જે ઊછળતી-કૂદતી
　　　　પોતાના શાંત સ્વરૂપને ધારણ કરીને
　　　　　　આપણી અંદર સ્વેચ્છાથી સમાહિત થઈ જાય

આત્માનો આલોક
અંધારાનો લોપ
સુખનો મેળો

શુભ દીપાવલી

જીવનમાં આશાઓ શું હોય છે?
હા, આ જે દીપાવલીનું પર્વ છે ને
તે માત્ર દીપકોની જ્યોતિને આવિર્ભૂત કરવા માટે નથી
બલ્કે તેમાં કંઈક બીજું પણ ગૂઢ તથ્ય છુપાયેલું છે
અંતરની જે આશાઓ આવૃત્ત છે તેને અનાવૃત્ત કરવી
દીપાવલી પર્વનો મહાન ઉદ્દેશ્ય છે
ધ્યાનથી સાંભળો
કાન ધરીને સાંભળો મારા પ્રિયજનો
બહારના જગતમાં કેટલો પણ ઝગમગાટ હોય
તેનાથી તમને કોઈ નફો-ફાયદો નહીં થાય
એમાં થોડો પણ સમય વેડફો નહીં
જીવનની આ કાળી રાતનું જ્યારે તમે
તમારા અંતર્નિહિત પ્રકાશની પ્રભાથી સિંચન કરશો
ત્યારે હકીકતમાં દીપાવલીના પર્વની
શાનદાર શરણાઈ વાગવા લાગશે
શંખોના નાદ અંતરમાં ઘૂસેલા તિમિરને ફટાફટ ભગાવી દેશે
ભગવાન રામની હસમુખ પ્રતિમા જીવનનો આધાર બનશે

હવે આપણે એક ધારણા કરીશું —
થોડી ક્ષણો માટે એક આરામદાયક આસનમાં બેસો
તમારા શ્વાસપ્રશ્વાસની સાથે જોડાઓ
અંદર આવતો શ્વાસ ઊંડો છે
બહાર જતો પ્રશ્વાસ લાંબો છે
આ રીતે શ્વાસ લેતાં-લેતાં
તમારી આંખો બંધ કરો
હવે સહજતાથી શ્વાસપ્રશ્વાસ ચાલવા દો
અને માનસચિત્રણ કરો —
પાનખરની ઋતુ છે
સાંભળો આ ગુસપુસ
જમીન ચૂમવા માટે આતુર

ફૂલોની નાજુક પાંખડીઓની
વૃક્ષોનાં લાલ-પીળા-નારંગી પાંદડાંઓની
આંખો બંધ રાખો
અને મનની આંખોથી જ
ઉપર આકાશને જુઓ
રૂ જેવા હળવાં-હળવાં શુભ્ર વાદળો આમતેમ વિખેરાયેલાં છે
જાણે અનંતપુષ્પ ખીલ્યાં છે
આ લોભામણા દશ્યને
નજરોમાં ભરી લો
આ અનુભૂતિની સુગંધને શ્વાસમાં વસાવી લો
ધીરેથી તમારી આંખો ખોલો
આ અનેરી અનુભૂતિ સંભાળીને રાખો

આ બિંદુ પર ધારણા પૂરી થઈ
કેવું લાગી રહ્યું છે?
ફંફોસીને જુઓ દિલમાં સૂકુન છે ને?
જો તમને પહેલાં તમારું જીવન સૂનું-સૂનું લાગતું હતું
તો આ ધારણા કર્યા પછી
અને તેના ફળસ્વરૂપ
અંતરમાં મીઠાશની સુવાસ ઊઠી રહી છે ને?
તમે તમારા જીવનની અસલી કિંમતને ઓળખી રહ્યાં છો ને?
કારણકે તમે તો જાણો જ છો
તમે જે વિચારશો તે જ પામશો

આશાઓની હારમાળા
આશીર્વાદોની અનવરત વર્ષા
માધુર્ય જ માધુર્ય

શુભ દીપાવલી

જેવો અંદરની દીપાવલીનો દીપક પ્રગટી જશે
સમજો ત્યારે તમારું કામ થઈ ગયું છે
ધ્યાન આપો મારા સ્વજનો
જે રીતરિવાજોથી દીપાવલીનો પાયો બન્યો છે
તમે હકીકતમાં તેનો આરંભ તમારા અંતરમાં કરી શકો છો
ત્યારબાદ તમારી ખુશીઓની ઓલવાયેલી વાટને
જીવનદાન આપવાની ક્ષમતા તમારામાં
રોહિતાશ્વ કરતાં પણ વધારે તીવ્રતાથી ધધકી ઊઠશે
વાસ્તવિકતામાં દીપાવલી દેખાડો કરવા માટે નથી
એક અંતર-પૂજા છે
તે એક અંતર-ભાવ છે
'સૂફિયાના' જીવન જીવવાની રીત છે
અંતર-જ્યોતિને જીંદગીભર પ્રજ્વલિત રાખજો

હૃદયમાં ચિંગારી
ભાવમાં સરળતા
જિંદગીમાં સહજતા

શુભ દીપાવલી

દીપાવલીનું પર્વ એ સમજાવે છે કે
પ્રકાશની જીત થવી જ જોઈએ
અને અંધકારનો નાશ થવો આવશ્યક છે
જ્ઞાનનો પ્રકાશ દીપક રાગ ગાય
અને અજ્ઞાનનું અંધારું વિલુપ્ત થઈ જાય
એક વાત અચરજની છે ભદ્રજનો કે
સદીઓથી આપણે દીપાવલીના સમયે માટીના દીવા પ્રગટાવીએ છીએ
અને જુઓ ને
આપણું શરીર જે પંચતત્ત્વનું બનેલું છે
તેને પણ માટીનું પૂતળું કહીને
આપણા સંતોએ સંબોધિત કર્યું છે

તો આ જ માટીના પૂતળાની અંદર એ પરમ પવિત્ર જ્યોત
પૂર્ણ વૈભવ સાથે જ્વલંત છે
આશા એવી કરો કે દરરોજ ઓછામાં ઓછું એકવાર તો
આ પ્રજ્વલિત અને શોભાયમાન દિવ્યપ્રભા સાથે સંલગ્ન થવાનું જ છે
દીપાવલી મંગલ સમય છે
જ્યારે આવા મંગલ સમયમાં આશા કરીએ છીએ કે કંઈક સારું કરવું છે
તો આ સંકલ્પને ખૂબ જ બળ મળે છે
સારા કાર્યની આપણે કોઈપણ દિવસ શરૂઆત કરી શકીએ છીએ
તોપણ આવો જે મંગલમય સમય છે
દીપાવલીનો તહેવાર
તેનો ચમત્કાર જ કંઈક અલગ છે

ચમત્કારનો ઝંકાર
બ્રહ્માંડનો હુંકાર
ગુરુકૃપાની ઝરમર

શુભ દીપાવલી

આપણે માનીએ છીએ કે પ્રણયની જે શક્તિ છે —
પ્રેમયુક્ત પ્રાર્થનાની જે શક્તિ છે —
કાળાંતરમાં તેનું યોગ્ય ફળ અવશ્ય પ્રાપ્ત થશે
તો આવી જ રીતે વિશ્વાસ કરો કે રાતદિવસ તમારી અંદર જે નાની-મોટી
આશાઓ જાગે છે તે એકદમ સાફ છે, સ્પષ્ટ છે
અને કૃપા વરસાવનારને તેની પ્રતીતિ થશે
ખચકાયા વિના તે એને પણ પ્રકટ કરશે

ભરોસાની ડોર
પ્રેમની લગન
મન મસ્ત-મગન

શુભ દીપાવલી

એક પથ્થરની અંદર આભા છે
એક પાણીના ટીપામાં તેજ છે
એક પાંદડામાં ચમક છે
માટીના કણ-કણમાં કાંતિની સુરભિ છે
દરરોજની જે વસ્તુને તમે કદાચ સાધારણ સમજો છો
તેમાં સમાયેલી છે સુષમા
દીપાવલીનો પર્વ આખા જગતને ઝગમગતું કરવા માટે છે
ઝગમગતું... કેવી રીતે મારા સ્વજનો?
તમે કેવી રીતે આ સંસારને ઝગમગાવવા માગશો?
જીવનના કોઈ વળાંક પર
જો તમારા મનમાં સંકોચનું ગાઢ ધુમ્મસ છવાઈ જાય
તો એ ધુમ્મસને હટાવવા માટે તમે શું કરશો?
જો ક્યારેક કોઈ મુશ્કેલીનો સમય આવી જાય
ક્યાંક કોઈ અવરોધ રસ્તામાં આવી જાય
તો તમે શું કરશો કે તે એક સ્વર્ણિમ અવસર બની જાય?
જો અંધારાની એક પળ કોઈને પોતાના આલિંગનમાં લેવા લાગે
તો તેમની નજરોની દિશા તમે
એ તારાઓની તરફ કેવી રીતે કરશો
જે તેમની જિંદગીમાં રોનક લાવી રહ્યા છે?
જ્યારે તમે જુઓ કે તેઓ રસ્તા પરથી ભટકી ગયાં છે
અને પોતાને દીન-હીન મહસૂસ કરી રહ્યાં છે
તો તમે નિપુણતાથી એવું શું કરશો કે
તેમની ભારે પાંપણો ઉપરની તરફ ઊઠે?
એવી દરેક પળમાં તમે કયું પગલું ઉઠાવશો
જેથી તમારું જીવન
બીજાં લોકોનું જીવન —
તેમનું પણ જેને તમે હજી મળ્યાં ન હો —
અને આ ચરાચર જગત ઉજ્જ્વળ થઈ જાય?
આ દિશામાં
તમે જે કર્યું છે
તમે જે કરી રહ્યાં છો

અને તમે જે કરવાનું વિચારી રહ્યાં છો
એ બધાંને તમે સંભવતઃ
કવિતાના રૂપમાં અભિવ્યક્ત કરવા માગો
એ હંમેશાં યાદ રાખો આત્મીયજનો કે
એક નાનકડી દીપશિખામાં પણ
એક અગ્નિકણમાં પણ
અત્યંત તેજ છે

તેની ‘રહમો કરમ’
તોડે બધા ભ્રમ
જ્યાં જુઓ બસ પ્રકાશ જ પ્રકાશ

શુભ દીપાવલી

હે શ્રેષ્ઠજનો
પ્રેમની જ્યોતિને પ્રગટાવવાનો હક બધાંમાં અંતર્જાત છે
બીજાં લોકો પ્રત્યે સારી ભાવના જગાવવાનો અધિકાર બધાંમાં અંતર્જાત છે
જ્યારે રણપ્રદેશમાં પણ પાણી શોધવું શક્ય છે
ભલે યુક્તિથી જ કેમ ન હોય
તો શત-પ્રતિશત દરેક માણસ
ભલે રાજા હોય કે રંક
દીપાવલીના પર્વને સુંદર-સુંદર વિધિવિધાનથી —
સરસ મજાનાં ફૂલોથી
દ્વાર પર બનેલી રંગોળીથી
લક્ષ્મીપૂજનની તૈયારીથી
મિષ્ટાન્નોથી શણગારેલી થાળીઓથી —
જેની જેવી શક્તિ હોય એ રીતે ઊજવી શકે છે
તેનાથી કોઈ ફરક નથી પડતો કે
ફૂલ એક હોય કે હજાર
રંગોળી સાદી હોય કે જટિલ

પૂજા સાધારણ હોય કે ભવ્ય
મિષ્ટાન્ન બે હોય કે દસ
વાત એમ છે કે
એક દીપકની જ્યોતમાં એ જ અગ્નિ છે
જે સેંકડો દીપકોની જ્યોતમાં હોય છે
એટલા માટે ઓછા-વધારેના ચક્કરમાં ન પડો
આલોચનાનું ત્રાજવું હાથમાં લઈને ન ફરો
ભલે એ ત્રાજવા પર તમે તમારા જીવનને તોલી રહ્યાં હો
કે કોઈ બીજાના જીવનને
કે પછી બીજાં લોકોની સાથે પોતાની તુલના કરી રહ્યાં હો
તમે તમારા મનનો સ્વભાવ તો જુઓ
ક્યારેક તે તમને નીચા દેખાડે છે અને બીજાં લોકોને ઊંચા ઉઠાવી લે છે
ક્યારેક તે તમને આકાશ પર બેસાડી દે છે
અને બીજાં લોકોને નગણ્ય બનાવી દે છે
મારી એક સલાહ છે મુમુક્ષુજનો
વિશેષરૂપે થોડો સમય કાઢો
અને સાક્ષી બનીને એ જુઓ કે
ક્યારેક-ક્યારેક તમારું મન કઈ રીતે કામ કરે છે
કદાચ તમે સાંભળ્યું હશે લોકોને કંઈક આવું કહેતાં —
મારામાં હજારો ખામીઓ ભરેલી છે અને એ સજ્જનને જુઓ
તેમનામાં તો શોધીએ તોપણ કોઈ નથી મળતી
મારા પડોશીની પાસે બધું જ છે, મારી પાસે કંઈ નથી
અરે મારી સામે તમારું શું ગજું?
ક્યારેક તમે પોતાના બદલે બીજાં લોકોને સારાં માનો છો
ક્યારેક બીજાં લોકોને બદલે પોતાને
તો આ વાતોમાં ફસાવાથી ન તો તમને કોઈ લાભ છે ન બીજાં લોકોને
બલ્કે તમારા જ દિલનો બોજો વધે છે
તેમાં નિરાશા ભરાઈ જાય છે
હતાશા ઘર કરી લે છે
આત્મબળ ક્ષીણ થઈ જાય છે
ઉત્સાહ ઠંડો પડી જાય છે

એટલા માટે આ વલણને તિલાંજલિ આપી દો
આ છે દીપાવલીનું શુભ મુહૂર્ત
આ અવસર પર કેટલું સારું થાય જો તમે
આવી તુચ્છ ભાવનાનો ત્યાગ કરી દો
હું તમારું ધ્યાન એક વાત પર લાવવા માગું છું
જરા સજગતાથી સાંભળો
તમે અંતરની જ્યોત પ્રગટાવવા સમર્થ છો
તમારી અંદર બધાંની સાથે મીઠી-મીઠી વાતો કરવાની યોગ્યતા છે
તમારામાં તેમની મીઠી-મીઠી વાતો સાંભળવાની લાયકાત છે
તમે મનને ખીલેલું રાખવા માટે સક્ષમ છો
દીપાવલીનો તહેવાર તો
પરસ્પર હળીમળીને ખુશીઓ મનાવવાનો છે
એકબીજાની સાથે ખુશીઓ વહેંચવાનો છે
આપણા ઘર-આંગણાને ખુશીઓથી મહેકાવવાનો છે
અને આપણે આવું કરી શકીએ છીએ
ખુદાની મહેરબાનીથી
આપણાં સત્કર્મોનાં ફળથી
એક વાર્તા યાદ આવે છે
જેમાં સ્વર્ગમાં ભોજન પીરસતી વખતે
ખાવા માટે દરેકને એક લાંડડડબો ચમચો આપવામાં આવે છે
આટલા લાંબા ચમચાથી પોતાને ખવડાવવું તો અસંભવ છે
તો પછી આનો શું હેતુ?
આટલો લાંબો ચમચો એટલા માટે આપવામાં આવે છે
જેથી આપણે એકબીજાને ખવડાવીએ
હા, દીપાવલીના આ પુણ્યકાળમાં અને હંમેશાં
આપણે આપણા અંદરની દિવ્યતાને દિલ ખોલીને લૂંટાવવી જ જોઈએ
આદાનપ્રદાનની આ સુંદર પરંપરાને નિભાવવી જ જોઈએ

દરેકનો તહેવાર
દરેકનો સ્નેહપૂર્ણ આગ્રહ
સંતુષ્ટિનો અંબાર

શુભ દીપાવલી

જે પરમેશ્વરમાં આસ્થા રાખે છે તેમણે આ એક વાતને
અવશ્યંભાવી સમજી છે કે દરેક વસ્તુમાં એ કહેવું
પરમેશ્વરની ઇચ્છા
તેમના જીવનમાં ગમે તેટલી જટિલ પરિસ્થિતિ આવે તો કહેશે
પરમેશ્વરની ઇચ્છા
કંઈક અપ્રત્યાશિત ધનપ્રાપ્તિ થાય તો કહેશે
પરમેશ્વરની ઇચ્છા
સમાચાર સારા હોય કે ખરાબ તો કહેશે
પરમેશ્વરની ઇચ્છા
આ વિષયમાં સંદેહ નથી કે
પરમેશ્વરનો વરદહસ્ત આપણા ઉપર હર ઘડી રહે છે
એક અપેક્ષિત સત્ય એ છે કે
માતાપિતા પોતાનાં બાળકોનું સદા ભલું જ વિચારે છે
અને એક ધ્રુવ સત્ય એ છે કે
ભગવાન આપણા સૌથી મોટા હિતેચ્છુ છે
આ જાણવા છતાં મન ભૂલી કેમ જાય છે?
આ લાખ ટકાનો પ્રશ્ન છે
આ પ્રશ્નનો ઉત્તર મેળવવાનો
એક જ રસ્તો છે
અને એ રસ્તો છે અંતરમાં જોવાનો
શા માટે?
જ્યારે અંતરમાં પ્રશ્નોત્તરીની ધારા ચાલે છે
તો તેમાં અતિશય બળ હોય છે
એ અંતર-મંથનથી જે ઉપાય મળે છે

તે બહારથી ક્યારેય નથી મળી શકતો
અંતરના રસ્તા પર ચાલતાં-ચાલતાં
પોતાની સાથે સવાલજવાબ કરતાં-કરતાં
તમને તમારા આ પ્રશ્નનો ઉત્તર મળવા લાગે છે
તમારી સમજ પરિષ્કૃત થતી જાય છે
પ્રમાણસ્વરૂપ
જેવા તમે ઉજાસના બદલે ઉદાસીનો પાયો નાખવા લાગો છો
તમે એ જાણી લો છો કે આમાં
નુકસાન તમારું જ છે
અસ્તુ
તમારું સાવધાન રહેવું આવશ્યક છે
        તમારું સતર્ક રહેવું જરૂરી છે
                તમારું અનુશાસિત રહેવું અનિવાર્ય છે

સદ્‌ભાવોની દીપ્તિ
પ્રભુસ્મૃતિનું વરદાન
ભગવદ્ ઇચ્છા સર્વોપરિ

શુભ દીપાવલી

દીપકની પ્રદીપ્ત જ્યોતનું મહત્ત્વ શું છે?
ભારતીય શાસ્ત્રોમાં તેનું મનોહારી વર્ણન
ભક્તિભાવને જગાવનારા આ શ્લોકોમાં મળે છે
આ મંત્રોચ્ચાર દીપક પ્રગટાવતી વખતે કરવામાં આવે છે —

> સાજ્યં ચ વર્તિસંયુક્તં વહ્નિના યોજિતં મયા।
> દીપં ગૃહાણ દેવેશ ત્રૈલોક્યતિમિરાપહ ॥

> ભક્ત્યા દીપં પ્રયચ્છામિ દેવાય પરમાત્મને।
> ત્રાહિ માં નિરયાદ્ ઘોરાદ્ દીપજ્યોતિર્નમોઽસ્તુતે ॥

હે દેવોના દેવ
હે ત્રણેય લોકનાં અજ્ઞાનના અંધકારને હરનારા
અગ્નિનાં તેજથી સુસજ્જિત ઘીની વાટવાળા આ દીપકનો
સ્વીકાર કરો પ્રભુ

હે પરમાત્મા
હું ગહન ભક્તિ અને શ્રદ્ધા સાથે આ દીપક આપને અર્પિત કરું છું
હે દીપ-પ્રકાશ
આપને મારા વારંવાર નમસ્કાર
કૃપા કરીને અજ્ઞાનના ઘનઘોર નરકથી મારું સંરક્ષણ કરો

આ શ્લોકોના અર્થને સમજીને જો તમે દીપાવલી પર્વના મર્મને
આત્મસાત્ કરવાની કોશિશ કરશો
તો એ જાણી લો મારા આત્મજનો
શુભ કર્મોની છટા તમારા બધાંના જગતમાં ફેલાઈ જશે
શુભ કર્મોની ધવલતા તમારા અંતઃકરણ ચતુષ્ટયમાં ઝગમગશે
શુભ કર્મોની ધવલતા દરેક ભવન, દરેક સદનમાં રચીપચી જશે
શુભ કર્મોની ધવલતા વતન-વતનમાં ચમકશે
શુભ કર્મોની શ્રી સમસ્ત વિશ્વની ચેતનામાં ઝળહળશે

નવવર્ષની શુભેચ્છા!

સપ્રેમ,
ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

© ૨૦૨૩ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.